પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૭૮ | ૧૮ ડિસેમ્બર, ૨૦૧૭, સોમવાર ; માગસર વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજે જનાદેશ : પુનરાવર્તન કે પરિવર્તન

## સત્તા પુનરાવર્તન કે સત્તા પરિવર્તન મામલે રાજકીય પંડિતો પણ મૌન : હાઈપ્રોફાઈલ-હાઈવોલ્ટેજ પરિણામ પર સમગ્ર દેશની નજર કેન્દ્રિત

અમદાવાદ, તા.૧૭

ગુજરાતમાં કોની સરકાર રચાશે તેને લઈને છેલ્લા કેટલાક દિવસથી પ્રવર્તી રહેલા સસ્પેન્સનો આવતીકાલે અંત આવશે. ગુજરાતમાં સત્તામાં પુનરાવર્તન થશે કે પછી પરિવર્તન થશે તેને લઈને હાલમાં તમામ રાજકીય પંડિતો અને રાજ્યના લોકોમાં ચર્ચા ચાલી રહી છે. એક્ઝિટ પોલના તારણ જારી કરવામાં આવ્યા બાદથી ઉત્તેજના વધી ગઈ છે. ભાજપ અને કોંગ્રેસ બંને દ્વારા જીતના દાવા કરવામાં આવી રહ્યા છે. ગુજરાતની હાઈપ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ ચૂંટણીને લઈને માત્ર ગુજરાતના લોકોની જ નહીં બલ્કે દેશના લોકોની તથા કેટલાક અન્ય દેશોની પણ નજર હતી. કારણ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વતનમાં આ ચૂંટણી યોજાઈ છે. ભાજપ છેલ્લા ૨૨ વર્ષથી ગુજરાતમાં સત્તા પર રહ્યું છે. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટી શાસક પક્ષની વિરુદ્ધમાં રહેલા તમામ પરિબળોનો લાભ ઉઠાવીને સત્તા પરિવર્તન માટે તમામ તાકાત લગાવી ચુકી છે. પાટીદાર અનામત આંદોલન, દલિત આંદોલન, ઠાકોર સમુદાયના આંદોલન તથા સત્તા વિરોધી લહેર, જીએસટી, નોટબંધીને લઈને લોકોની નારાજગી જેવા તમામ મુદા ભાજપની વિરુદ્ધમાં હોવા છતાં આવતીકાલે આ તમામ પરિબળોનો લાભ ઉઠાવી કોંગ્રેસે મતદારોને પોતાની તરફ કર્યા છે કે કેમ તે બાબત પુરવાર થશે. સત્તા પરિવર્તન કે સત્તા પુનરાવર્તનની બાબત ઉપર ચર્ચા જારી છે. આવતીકાલે સોમવારના દિવસે ૧૮૨ બેઠક ઉપર મેદાનમાં રહેલા કુલ ૧૮૨૮ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થશે જેમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, કોંગ્રેસના વરિષ્ઠ નેતા શક્તિસિંહ, અર્જુન મોઢવાડિયાના ભાવિનો પણ ફેંસલો થનાર છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે ૧૪મી ડિસેમ્બરના દિવસે મતદાન યોજાયું હતું. બીજા તબક્કા માટે ૬૮.૭૦ ટકા મતદાન થયું હતું. બીજા તબક્કામાં ૯૩ સીટ પર મતદાન થયુ હતું. ૨.૨૨ કરોડ મતદારો પૈકી ૬૮.૭૦ ટકાથી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. બીજા તબક્કામાં મતદારો પૈકી ૧.૧૫ કરોડ પુરૂષો અને ૧.૦૭ કરોડ મહિલા મતદારો નોંધાયા હતા. જે ભારે ઉત્સાહિત દેખાયા હતા. ૨૫૫૫૮ મતદાન મથકો પર બીજા તબક્કામાં મતદાન થયું હતું. આ વખતે ૩૭.૩૭ લાખ મતદારોની વય ૧૮તી ૨૬ વર્ષની વચ્ચેની રહી હતી. બાવન પાર્ટીના ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. ભાજપે ૯૩ અને કોંગ્રેસે ૯૧ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા. જેમના ભાવિ હવે ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. બીજા તબક્કામાં મતદારોની સંખ્યાની દ્રષ્ટિએ લિમખેડા સૌથી નાની સીટ હતી. જેમાં ૧.૮૭ લાખ મતદારો પૈકીના મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આવી જ રીતે ઘાટલોડિયા સૌથી મોટી સીટ છે જેમાં ૩.૫૨ લાખ મતદારો નોંધાયા હતા. બીજા તબક્કામાં સૌથી વધુ ઉમેદવારો મહેસાણામાં ૩૪ અને સૌથી ઓછા ઉમેદવાર

● અનુસંધાન પાન-૭ પર

# ચૂંટણી પરિણામની સીધી અસર શેરબજાર પર રહેશે

**સંસદના શિયાળુ સત્ર, ક્રૂડની કિંમત અને અન્ય પરિબળો પણ રહેશે : મૂડીરોકાણકારો હાલ ગુજરાત તેમજ હિમાચલ પ્રદેશની ચૂંટણીના પરિણામો ઉપર નજર કેન્દ્રિત કરી ચુક્યા છે : શેરબજારમાં તેજી રહેવાના સ્પષ્ટ સંકેતો**

મુંબઈ, તા. ૧૭

શેરબજારમાં આવતીકાલથી શરૂ થતાં કારોબારી સેશન દરમિયાન અનેક પરિબળોની અસર થનાર છે જેમાં ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં જાહેર થનાર ચૂંટણીના પરિણામ, હાલમાં ચાલી રહેલા સંસદના સત્ર, જુદી જુદી કંપનીઓના આંકડા, અન્ય ઘણા પરિબળોની અસર જોવા મળનાર છે. આવતીકાલે ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવનાર છે. અટકળોના દોર વચ્ચે શેરબજારમાં હાલ સાવધાનીપૂર્વકનું વલણ જોવા મળી શકે છે. દલાલ સ્ટ્રીટમાં શુક્રવારના દિવસે એક્ઝિટ પોલના તારણ જારી કરવામાં આવ્યા બાદ તેજી રહી હતી. બીએસઈ સેંસેક્સ ૨૧૬ પોઈન્ટ ઉછળીને ૩૩૪૬૨ની સપાટીએ

રહ્યો હતો જ્યારે નિફ્ટી ૮૧ પોઈન્ટ ઉછળીને ૧૦૩૩૩ની સપાટીએ રહ્યો હતો. ૩૩ શેરમાં તેજી અને ૧૭ શેરમાં મંદી રહી હતી. મૂડીરોકાણકારો આશાસ્પદ બનેલા છે. આવતીકાલે ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવનાર છે. છેલ્લા બે સેશનમાં આની અસર જોવા મળી રહી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, જો એક્ઝિટ પોલ મુજબ જ પરિણામો જાહેર થશે તો શેરબજારમાં તેજી આવી શકે છે. એક્ઝિટ પોલમાં ગુજરાત અને હિમાચલ બંનેમાં ભાજપની જીત દર્શાવવામાં આવી રહી છે.

જો કે, સેશનમાં રેંજ આધારિત કારોબાર જોવા મળી શકે છે. તમાકૂ કંપનીઓના શેરમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી શકે છે. કારણ કે, કર્ણાટક હાઈકોર્ટ દ્વારા શુક્રવારના દિવસે સરકારના નિયમોને ફગાવી દીધા હતા જેમાં તમાકુ પેદાશો ઉપર કઠોર ગ્રાફિક્સ આરોગ્યને લઈને ચેતવણીને ફરજિયાત કરવાના સરકારના નિર્ણયને ફગાવી દેવામાં આવ્યો હતો.

# આજે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ટ્રેન્ડ મળશે

**પ્રથમ અડધા કલાકમાં પોસ્ટલ બેલેટની ગણતરી : પોસ્ટલ બેલેટની ગણતરી બાદ ઈવીએમ-ચૂંટણી પંચના નિર્દેશ મુજબ, નિયત વીવીપેટ સ્લીપની મત ગણતરી થશે**

અમદાવાદ, તા.૧૭

ભારે ઉત્તેજના, ઉત્સાહ અને સસ્પેન્સભર્યા વાતાવરણ વચ્ચે આવતીકાલે સવારે આઠ વાગ્યાથી ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકો માટેની મતગણતરી હાથ ધરાશે. ચૂંટણી પંચ દ્વારા સુરક્ષા અને સલામતીને લઈ બહુ જબરદસ્ત વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે, જેમાં મતગણતરી કેન્દ્રો ખાતે એન્ટ્રીગેટથી લઈ કાઉન્ટીંગ હોલ સુધી થ્રી લેયર સુરક્ષા ચક્ર ઉભુ કરવામાં આવ્યું છે. પ્રથમ અડધા કલાકમાં પોસ્ટલ બેલેટની મતગણતરી હાથ ધરવામાં આવશે, ત્યારબાદ ઈવીએમનું કાઉન્ટીંગ શરૂ થશે અને ત્યારબાદ ચૂંટણીપંચના નિર્દેશાનુસાર જે તે વિધાનસભા બેઠકના પસંદ કરાયેલા મતદાનમથકના વીવીપેટની સ્લીપની મતગણતરી હાથ ધરવામાં આવશે. ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો માટે તો આજે જાણે કતલની રાત જેવી રાત છે, રાજયના કેટલાક સ્થળોએ ઉમેદવારો અને તેમના ટેકેદારો-સમર્થકો તો આજે રાતથી જ મતગણતરી કેન્દ્રો પર ગોઠવાઈ ગયા હતા. આવતીકાલે સોમવારે બપોરે ૧૨-૦૦ વાગ્યા સુધીમાં ઉમેદવારોની હાર-જીતનો ટ્રેન્ડ સામે આવી જશે. રાજયભરમાં પરિણામોને લઈ ભારે ઈન્તેજારી પ્રવર્તી રહી છે. તો સમગ્ર દેશ અને દુનિયાની નજર ગુજરાતના પરિણામો પર મંડાયેલી છે. બીજીબાજુ, ગુજરાત વિધાનસભા મતગણતરીની નિષ્પક્ષ અને તટસ્થ પ્રક્રિયા હાથ ધરવાના આયોજનના ભાગરૂપે ચૂંટણી પંચ દ્વારા મતગણતરીને લઈ રાજયના ૩૩ શહેરોમાં કંટ્રોલરૂમ ઉભા કરવામાં આવ્યા છે.

## ભારત-પાકિસ્તાન વચ્ચે પાણી પોતાની તરફ વાળવા માટેની હોડ

ન્યુ દિલ્હી,તા.૧૮

ભારત અને પાકિસ્તાન વચ્ચે વિવાદાસ્પદ કાશ્મીરમાં સેંકડો મજૂરો રાત દિવસ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટો માટે ખાદકામમાં વ્યસ્ત છે. આ વિસ્તારમાં તાજા પાણીની ભારે અછત પ્રવર્તે છે અને બંને દેશો વચ્ચે મહત્તમ પાણી તેમની તરફ વાળવા માટે હોડ મચી છે.

ભારત અને પાકિસ્તાન બંને નીલમ અથવા કિશનગંગા નદીં પર મોટા મોટા પાવર પ્લાન્ટ ઊભા કરવામાં પરોવાઈ ગયા છે. વાસ્તવિક નિયંત્રણ રેખા (એલઓસી)ની બંને બાજુએ બે પ્રોજેક્ટ પૂર્ણ થવાની તૈયારીમાં છે.

આ પ્રોજેક્ટ મુદ્દે ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી પ્રવર્તે છે. નીલમ અને ઝેલમ નદીના સંગમે પાકિસ્તાન કોક્રીટ અને સ્ટીલથી અન્ડરગ્રાઉન્ડ કેથેડ્રલ બનાવી રહ્યું છે.

ચાર જનરેટર સતત કામગીરી બજાવે છે અને હવે ટ્રાન્સફોર્મર્સ તથા નેટવર્કની રાહ જોવાય છે.

## ૨.૪૫ લાખની નકલી નોટ સાથે પોલીસે ૩ને ઝડપ્યા

મુંબઈ,તા.૧૮

મુંબઈની ભિવંડી પોલીસે તાજેતરમાં ૨.૪૫ લાખની નકલી બનાવટી નોટો પાડી હતી. આ આરોપી પાસેથી કલર પ્રિન્ટ કરેલી બનાવટી નોટો છાપતાં કેટલાક લોકોની અટક કરતા તેમની પાસેથી ૨૦૦૦ રૂપિયાની ૧૧૩ નોટો પકડાઈ હતી. આ નોટો સાથે ત્રણ આરોપીઓ પાસેથી બે હજારની બનાવટી ૧૧૩ નોટો તેમજ રૂપિયા ૧૦૦થી ૬ અને ૫૦ની ૧૦, વીસ રૂપિયાની ૧૧ નોટો અને રૂપિયા દસની આઠ બનાવટી નોટો મળી કુલ એકંદર બે લાખ ૪૫ જાર ૨૫૦ રૂપિયાની બનાવટી નોટો મળી હતી. આરોપીઓએ નોટો કલર પ્રીન્ટ કાઢીને કરતા હતા.

# તમામ ટ્રેનને સીસીટીવીથી સજ્જ કરાશે

ન્યુ દિલ્હી,તા.૧૮

રેલવેમાં મુસાફરી કરનાર



લોકો માટે વધુ એક ખુશ ખબર છે. ભારતીય રેલવે દ્વારા પણ હોટેલ્સ અને એરલાઈન્સની જેમ પ્રવાસીઓની સુવિધા માટે વિવિધ યોજના લાગુ કરવાની વિચારણા હાથ ધરાઈ છે. રેલવે મંત્રી પીયૂષ ગોયલે શનિવારે જણાવ્યું હતું કે, જો રેલવેમાં પણ સંપૂર્ણ બુકિંગ નહીં થાય તો હોટેલ્સ અને એરલાઈન્સની જેમ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. તે ઉપરાંત ફ્લેક્સિ રેટમાં પણ સુધારા-વધારા કરવા અંગે વિચારણા કરવામાં આવશે. રેલવે દ્વારા ફ્લેક્સિ ફેર યોજનાનો રિવ્યૂ કરવા માટે છ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિની રચનાના એક જ દિવસ બાદ રેલવે મંત્રી ગોયલે વિવિધ યોજનાઓ અંગે જાણ કરી હતી.

પીયૂષ ગોયલ દ્વારા દિલ્હી ખાતે રેલવેના પ્રમુખ અધિકારીઓની એક બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં ડાયનેમિક પ્રાઈઝિંગ

**હોટલ-એરલાઇન્સની જેમ રેલવે ટિકીટ પર ડિસ્કાઉન્ટની થશે ભરમાર**

ઉપર ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને એરલાઈન્સ અને હોટેલ્સ દ્વારા જે રીતે ડાયનેમિક પ્રાઈઝિંગ લાગુ કરવામાં આવે છે તેવી જ રીતે દેશની સૌથી મોટી ટ્રાન્સસ્પોર્ટ વ્યવસ્થામાં પણ લાગુ કરવામાં આવે તે અંગે વિચાર ચાલી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે, અમે લોકો ડાયનેમિક પ્રાઈઝિંગ અંગે ખૂબ જ મક્કમતાથી વિચારી રહ્યા છીએ. અમે એ પણ પ્રયાસ કરી રહ્યા છીએ કે ભાવ વધે નહીં પણ શક્ય હોય તો જળવાઈ રહે. અમે અત્યારે એ વિકલ્પ વિચારી રહ્યા છીએ કે જો આખી ટ્રેન બુક ન થતી હોય તો ડિસ્કાઉન્ટ રેટના આધારે ટિકિટ આપવામાં આવશે.

રેલવે મંત્રાલય ટ્રેનો સહિત યાત્રીઓની સુરક્ષાને લઈને નવા પગલા લેવા પર વિચાર કરી રહી છે. મહિલા સુરક્ષાની દિશામાં પહેલ કરતાં દેશની તમામ ટ્રેનોમાં સીસીટીવી કેમેરા લગાવવા અને માનવ તસ્કરી વિરુદ્ધ સામૂહિક રીતે લડવા માટે

● અનુસંધાન પાન-૭ પર

# સુખોઈ-૩૦ ફાઈટર પ્લેનમાં ફેરફાર કરી ઘાતક બનાવવામાં આવશે



ન્યુ દિલ્હી,તા.૧૮

ભારતીય વાયુ સેનાના સૌથી એડવાંસ લડાકુ વિમાન સુખોઈ-૩૦સ્દ્રૈંમાં મોટાપાયે ફેરફારો કરી તેને અત્યંત ઘાતક બનાવવામાં આવી રહ્યું છે. આ ફેરફાર ૪૦ જેટલા સુખોઈ વિમાનોમાં કરવામાં આવી રહ્યાં છે. સુખોઈ વિમાનમાં ભારત-રશિયા દ્વારા બનાવવામાં આવેલી અને દુનિયાભરના દેશો જેનાથી ખૌફ ખાય છે તે બ્રમ્હોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલ લગાવવામાં આવશે. સુખોઈ-૩૦ અને બ્રમ્હોસ મિસાઈલના કોમ્બિનેશનથી ભારતીય વાયુસેનાની ક્ષમતા અનેકગણી વધી ગઈ છે. અગાઉ ૨૨ નવેમ્બરે સુખોઈ-૩૦ ફાઈટર પ્લેનમાંથી બ્રમ્હોસ ક્રુઝ મિસાઈલનું સફળતાપૂર્વક પરિક્ષણ કરવામાં આવ્યું હતું. ભારતને ગત વર્ષે મિસાઈલ ટેક્નોલોજી રિઝીમ (સ્ક્રઈ)નું પૂર્ણ સભ્યપદ મળ્યું હતું. જેથી ભારત પર લાગેલી કેટલાક પ્રતિબંધો હટાવવામાં આવ્યા હતાં. જેનાથી ભારતની પોતાની મિસાઈલોની મારક ક્ષમતા વધારી સકશે. ભારત અને રશિયાના સંયુક્ત સાહસ દ્વારા બનાવવામાં આવેલી બ્રમ્હોસ મિસાઈલ સુખોઈ-૩૦ ફાઈટર પ્લેનમાં જોડવામાં આવનારૂ સૌથી ભારે હથિયાર હશે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે ૪૦ જેટલા સુખોઈ વિમાનોને બ્રમ્હોસ લોંચ કરવા માટે તૈયાર કરવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ પરિયોજનાની સમયસીમા પણ નક્કી કરી દેવામાં આવી છે. આ પરિયોજના ૨૦૨૦ સુધી પુર્ણ કરી લેવામાં આવશે. સરકારી કંપની હિન્દુસ્તાના એરોનૉટિક્સ લિમિટેડ (ૐછન) દ્વારા આ ફેરફારો કરવામાં આવી રહ્યાં છે. અઢી ટન વજનની આ મિસાઈલની ઝડપ અવાજની ગતિ કરતા ત્રણ ઘણી વધારે એટલે કે માર્ક ૨.૮ છે. મિસાઈલની મારક ક્ષમતા ૨૫૦ કિલોમીટર છે. જેને ૪૦૦ કિલોમીટર કરવાનું કામ પણ ચાલી રહ્યું છે.

# આસામમાં ૪.૨ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા

દિસપુર,તા.૧૮

આસામના ઘિમાજીમાં રવિવારે સવારે ભૂંકપના આંચકા




અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા ૪.૨ પરિક્ટર સ્કેલ માંપવામાં આવી છે. અચાનક જ જમીરમાં કંપન અનુભવતા લોકો સવારે તેમના ઘરની બહાર દોડી આવ્યા હતા. જો કે હાલ આ ઘટનામાં કોઈ પણ જાનમાલના નુકશાનની ખબર નથી આવી. ઉલ્લેખનીય છે કે આ પહેલા પણ થોડા દિવસ પહેલા દિલ્હી અને ગુજરાતમાં રાજકોટ સમેત વિસ્તારોમાં ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. તે પછી ફરી એક વાર આસામમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે.


રાજકોટમાં ૩.૨ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તો બીજી તરફ આસામમાં ૪.૨ તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. ભૂકંપના આ આંચકાના લીધે રવિવારે સવારે લોકો પથારીમાંથી સફાળા જાગી ગયા હતા અને ઘરની બહાર દોડી આવ્યા હતા. જો કે હાલ તો તે વિસ્તારમાં શાંતિ છે.

# કુલભૂષણ જાધવની પત્ની-માતાના વિઝા અરજી પર પ્રોસેસ શરૂ : પાકિસ્તાન

ઈસ્લામાબાદ,તા.૧૮

પાકિસ્તાનના ફોરેન મિનિસ્ટરે કુલભૂષણ જાધવની પત્ની અને માતાની વિઝા પ્રોસેસની કાર્યવાહી અંગે માહિતી આપી છે. ફોરેન ઓફિસના સ્પોક્સપર્સન ડૉ. મોહમ્મદ ફૈઝલે શનિવારે ટ્વીટ કરીને આ અંગે જાણકારી આપી છે. તેઓએ કહ્યું કે, ઈન્ડિયન નેવીના કમાન્ડર રહી ચૂકેલા જાધવની માતા અને પત્નીની વિઝા એપ્લિકેશન મળી છે, તેઓ માનવતાના આધારે પાકિસ્તાન આવવા ઈચ્છે છે. ઉલ્લેખનીય છે કે, જાધવનું પાકિસ્તાનના ઈરાનથી અપહરણ કરવામાં આવ્યું હતું. પાક આર્મીએ કોર્ટને તેઓને રૉ માટે જાસૂસીના આરોપ હેઠળ ફાંસીની સજા સંભળાવી હતી, જેના ઉપર આઈસીજેએ પ્રતિબંધ લગાવ્યો છે.

પાકિસ્તાન મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વિદેશ મંત્રાલયે ગુરૂવારે દિલ્હીમાં પાક હાઈકમિશનને જાધવની પત્ની અને માતાને વિઝા આપવાના ઓર્ડર આપ્યા છે.



જેલમાં બંધ કુલભૂષણ જાધવ ૨૫ ડિસેમ્બરના રોજ તેમની પત્ની અને માતા સાથે મુલાકાત કરશે. જાધવ સાથે મુલાકાત દરમિયાન ઈન્ડિયન હાઈકમિશનનો એક ઓફિસર પણ ત્યાં હાજર રહેશે. પાકિસ્તાનથી આવેલા આ સમાચાર બાદ વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે પણ કુલભૂષણની માતા અને પત્નીને આ અંગે જાણકારી આપી હતી.

પાકિસ્તાન આર્મીનો દાવો છે કે, જાધવ ઈન્ડિયન એજન્સી રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (ઈછઉ) માટે જાસૂસી કરી રહ્યા હતા. તેઓની બલૂચિસ્તાન પ્રાંતથી ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ પાક આર્મીના ફિલ્ડ જનરલ કોર્ટ માર્શલ (હ્લય્ઝ્રસ)એ એપ્રિલમાં ફાંસીની સજા સંભળાવી હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય